# Global Technology Summit 2022 (November 29 – December 01, 2022)

# વૈશ્વિક ટેકનોલોજી શિખર સંમેલન 2022 (29 નવેમ્બર - 01 ડીસેમ્બર, 2022)

28 નવેમ્બર, 2022

વૈશ્વિક ટેકનોલોજી શિખર સંમેલન (GTS) એ જીઓટેકનોલોજી પર ભારતની વાર્ષિક ફ્લેગશિપ ઈવેન્ટ છે, જેની સહ-અધ્યક્ષતા વિદેશ મંત્રાલય અને કાર્નેગી ઈન્ડિયા દ્વારા કરવામાં આવે છે અને 2016 થી વાર્ષિક રીતે યોજવામાં આવે છે.

GTS નું 7મું સંસ્કરણ નવી દિલ્હીમાં 29 નવેમ્બર થી 01 ડીસેમ્બર 2022 સુધી હાઈબ્રિડ ફોર્મેટમાં યોજવામાં આવશે. આ વર્ષનાં શિખર સંમેલનની થીમ 'ટેકનોલોજીનું જીઓપોલિટિક્સ' છે.

ત્રણ દિવસનાં સમયગાળામાં, ટેકનોલોજી, સરકાર, સુરક્ષા, અવકાસ, સ્ટાર્ટઅપ્સ, ડેટા, કાયદો, જાહેર આરોગ્ય, આબોહવામાં ફેરફાર, શિક્ષણશાસ્ત્ર, અર્થશાસ્ત્ર વગેરેમાં વિશ્વનાં અગ્રણી મસ્તિષ્કો ભેગા થશે અને ટેકનોલોજી અને તેનું ભવિષ્ય: ટેકનોલોજીઓનાં ફાયદાઓ અને પડકારો, ટકાઉપણું, ટેકનોલોજી ક્ષેત્રમાં ઉભરી રહેલ જીઓપોલિટિક્સ, વિકાસ માટે ડેટા અને ભારતની G20 અધ્યક્ષતા માટેનાં વિચારો સંબંધિત અતિ મહત્વનાં પ્રશ્નો પર ચર્ચા કરશે.

GTS 2022 માં 50+ પેનલ ચર્ચાઓ, પ્રેરક સંબોધનો, પુસ્તકોનાં અનાવરણો અને અન્ય ઈવેન્ટ્સમાં 100 વક્તાઓની સહભાગીતા જોવા મળશે. યુ.એસ. સિંગાપોર, જાપાન, નાઈજીરિયા, બ્રાઝિલ, ભૂતાન અને યુરોપિયન યુનિયન અને અન્ય દેશો માંથી મંત્રીઓ અને વરિષ્ઠ સરકારી અધિકારીઓ પણ આ શિખર સંમેલનમાં ભાગ લેશે.

આ શિખર સંમેલનનું પ્રારંભિક સત્ર જી-ડિજીટલ અને તેની અસરો પર ભારતનાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરનાં વાર્તાલાપનું હશે.

આ શિખર સંમેલનમાં હાજરી આપવા માટે સમગ્ર વિશ્વમાંથી 5000 કરતા વધારે સહભાગીઓએ નોંધણી કરાવી છે. હજારો લોકોએ GTS વેબસાઈટ ઍક્સેસ કરી છે. GTS શિખર સંમેલનની વેબસાઈટ અને કાર્નેગી ઈન્ડિયાનાં યૂટ્યુબ અને સોશિયલ મીડિયા પૃષ્ઠો મારફત વિશાળ સંખ્યામાં સહભાગીઓ આ સંવાદોમાં જોડાશે.

આ શિખર સંમેલન પર એજન્ડા અને વક્તાઓ સહિત વધુ માહિતી માટે, અને વર્ચ્યુઅલ સહભાગીતા માટે નોંધણી કરાવવા માટે, કૃપા કરીને શિખર સંમેલનનાં આ પ્લેટફોર્મની મુલાકાત લો: [www.gts2022.com](http://www.gts2022.com)

**નવી દિલ્હી**
**28 નવેમ્બર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.